
સ્વામિશ્રીજી

# "અશ્વિનભાઈ, શાંતિભાઈ અને હું એક જ છીએ !"

**ભગવાનના** દિવ્ય તત્ત્વના ધારક સાધુ આ પૃથ્વીનું પરમ મંગલ છે. મનુષ્ય સ્વરૂપમાં બ્રહ્મસ્વરૂપ આવા સાધુ પૃથ્વીનાં જીવ-પ્રાણીમાત્રના મોક્ષના દ્વારરૂપ છે. પરમ પ્રેમ અને સહજ કરુણાથી સભરસભર આવા સાધુનાં દર્શને દર્શન કરનારાની આંખોનાં પાપ બળે; તેઓના શ્રીમુખે પ્રગટતી ભગવદ્ પરાવાણીથી સાંભળનારાના કાનનાં પાપ બળે, તેઓની સ્મૃતિ સહિત ભગવત્ નામસ્મરણ 'ૐ સ્વામિનારાયણ' મહામંત્રનાં જાપ-ધૂનથી મનનાં પાપ બળે, પરમ શાંતિ થાય; તેઓનાં મહિમા, ગુણ અને દિવ્ય ચરિત્રનાં ગાનથી જીભનાં પાપ બળે; અને માહાત્મ્યેયુક્ત સેવા કરનારના, તેઓની આજ્ઞાપાલન દ્વારા તેઓની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર પર સાક્ષાત્ પ્રભુના રાજીપાના ફળરૂપે સેવા-ભક્તિ કરનારાના સર્વ દોષ ટળી જાય ! આવા સાધુના મહિમા અનંત છે, અપાર છે !

આપણાં સૌનાં કેવાં મહા સદ્ભાગ્ય કે ભગવાનના દિવ્ય તત્ત્વના ધારક અને પ્રગટ ગુરુહરિ સાહેબદાદા સાથે અપ્રતિમ ઐક્ય સાધી ભગવદ્ સ્વરૂપ સાધુ આપણને સદ્ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદા સ્વરૂપે પ્રભુની કૃપાથી અનાયાસ મળ્યા !

સદ્ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદાનાં જીવન અને પ્રસંગો વિશે સાવ સામાન્ય દૃષ્ટિએ પણ વિચાર કરતાં પ્રતીતિ થાય કે, તેઓનાં જીવન કોઈ સામાન્ય મનુષ્યોનાં જીવન નથી ! લૌકિક દૃષ્ટિએ જીવનની અકલ્પનીય વિકટ પરિસ્થિતિઓ દરમિયાન તેઓનાં ગુરુદેવ યોગીબાપા અને ગુરુહરિ સાહેબદાદા પ્રતિ માહાત્મ્ય, દિવ્યતા, નિર્દોષભાવ, પરમ પ્રભુભાવ અચળ રહ્યાં છે એટલું જ નહીં, પરંતુ, તેઓના મનમાં ન તો કોઈ તર્ક-વિતર્ક ઊઠ્યા કે ન તો કુશાગ્ર બુદ્ધિએ કોઈ પ્રશ્ન ઊભો કર્યો ! ગુરુદેવ યોગીબાપાની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી આ બંને ભગવદ્રૂપ સદ્ગુરુઓનાં દેહ, અંતઃકરણ અને જીવન દિવ્ય અને અદોષ બની રહ્યાં !

આપણા સૌના વ્યક્તિગત અનુભવોએ પણ આપણને સૌને સદ્ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદાની પરમ દિવ્ય બ્રાહ્મીસ્થિતિની તો પ્રતીતિ કરાવી છે; પરંતુ, તેઓની અકલ્પનીય દાસત્વભક્તિ અને સહજ સરળતાનાં પણ દર્શન કરાવ્યાં છે. પ્રગટ ભગવાનના સાકાર સ્વરૂપ ગુરુહરિ સાહેબદાદાને ત્રણેય અવસ્થા - જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં ધારીને જીવતા આ સદ્ગુરુ સાધુઓ સાહેબસ્વરૂપ જીવી રહ્યા છે. અને, તેથી જ તો ગુરુહરિ સાહેબદાદાના શ્રીમુખે પરમ દિવ્ય શબ્દો સર્યા છે કે, ***"અશ્વિનભાઈ, શાંતિભાઈ અને હું એક જ છીએ..!"***

પ્રભુની શક્તિ અને દિવ્ય તત્ત્વના ધારક આ મંગલમય ત્રિમૂર્તિનું ઐક્યસ્વરૂપ આ પૃથ્વીનું પરમ મંગલ છે. પરમ કલ્યાણકારી મોક્ષના દ્વારરૂપ છે. પ્રભુના દિવ્ય કાર્યને વહેતું રાખી વેગવંતું બનાવવા, પ્રભુના જ સંકલ્પ અને શક્તિતત્ત્વના ધારક આ મંગલ ત્રિમૂર્તિ સ્વરૂપે આપણને પ્રભુના સાકાર તત્ત્વના, તેઓની સામર્થી અને ઐશ્વર્યના, તેઓની કૃપા અને અપાર અકારણ પ્રેમના અનુભવ થાય છે !

૧૫ જુલાઈના મંગલદિન સદ્ગુરુ પૂજ્ય અશ્વિનદાદાના પ્રાગટ્યમંગલે અને ૨૭ ઑગસ્ટ સદ્ગુરુ પૂજ્ય શાંતિદાદાના પ્રાગટ્યમંગલના આ સુભગ સુયોગે પૃથ્વીના મંગલરૂપ ઐક્ય ત્રિમૂર્તિ પ્રગટ ગુરુહરિ સાહેબજી, સદ્ગુરુ પૂજ્ય અશ્વિનદાદા અને સદ્ગુરુ પૂજ્ય શાંતિદાદાને અનંત હૃદયવંદન સાથે તેઓને રાજી કરવાના એકમાત્ર ભાવ સાથે તેઓનાં વચન અનુસાર અક્ષરરૂપ રહી પૂર્ણ પુરુષોત્તમની ભક્તિ કરીએ તેવી મંગલ પ્રાર્થના ધરીએ, રૂડો સંકલ્પ કરીએ ! ◆

સા.મ...

~ સાધુ મનોજદાસ